ડીસા વોર્ડ નં. ૧૦ ના રહીશો ગટરની ગંદકીથી ત્રસ્ત, રોગચાળો ફાટી નીકળવાની દહેશત

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૧૦માં આવેલ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ જોગણી માતાના મંદિર પાસે બની રહેલ આર.સી.સી. ગટરલાઈનના આડેધડ કામના કારણે છેલ્લા કેટલાય સમયથી ગટરનું ગંદુ પાણી રહીશોના ઘરોમાં ઘુસી જાય છે જેના કારણે આ વિસ્તાર ગંદકીથી ખદબદી ઉઠ્યો છે. જેના કારણે સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડવા સાથે રહીશોને જીવવું મુશ્કેલ થઈ ગયું છે. રહીશો દ્વારા આ બાબતની જાણ આ વિસ્તારમાંથી ચૂંટાયેલા નગરસેવકોને અનેકવાર કરવામાં આવી છે તેમ છતાં નગરસેવકો તેમની વ્યાજબી રજુઆત ધ્યાને લેતા નથી. જેના કારણે વાડ ચિભડા ગળે તેવો ઘાટ ઘડાતા રહીશોની હાડમારીઓ વધી પડી છે. નાના બાળકો અહીંથી પસાર થતા ગટરમાં પડી જાય છે એટલું જ નહીં, ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા છે ત્યારે માનવીય અભિગમ દાખવીને પણ પાલિકાના સત્તાધીશો આ બાબતે સત્વરે ઘટતાં પગલા ભરે તેવો જનમત પ્રવર્તે છે.

ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી બાળાને

સગીર નરાધમ દુષ્કર્મ કરવા ઘઉંના ખેતરમાં ખેંચી ગયો : બાળાએ પ્રતિકાર કરતા બચાવ

માણસોમાં વધતી જતી વિકૃતિએ માનવ જીવન માટે મોટો ખતરો બની રહી છે. રાજયમાં અનેક જગ્યાઓ પર બાળાઓ સાથે દુષ્કર્મના બનાવોમાં સતત વધારો થઇ રહ્યો છે. અને સાથે જ સલામત ગુજરાતનો નારો ક્યાંકને ક્યાંક ખોટો સાબિત થઇ રહ્યો છે. આવા માનસિક વિકૃત લોકોને ઓળખાવા મુશ્કેલ હોવાથી જાહેરમાં છૂટથી ફરી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા અંગે ખુબ મોટો સવાલા ઉભો થયો છે.

મહિલાઓ,યુવતીઓ અને બાળાઓના એકલતાનો લાભ લેવા નરાધમો કોઈપણ હદ સુધી જઈ શકે છે હાલ સગીર યુવકોમાં પણ મનોવિકૃતિ પ્રમાણ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યું છે.

ભિલોડાના એક ગ્રામ્ય વિસ્તારમાં ધો.૮ માં અભ્યાસ કરતી બાળા ખેતરમાં ઘાસ લેવા જતા ગામના જ નરાધમ સગીર યુવકે પહોંચી ઘઉંવાળા ખેતરમાં ખેંચી જઈ દુષ્કર્મનો પ્રયાસ કરતા બાળાએ હિંમતભેર દુષ્કર્મી નો પ્રતિકાર કરતા ભાગી છૂટવામાં સફળ રહેતા પીંખાતી બચી ગઈ હતી સમગ્ર ઘટનાથી ભિલોડા પંથકમાં ભારે ચકચાર મચી હતી.

ભિલોડાના એક ગ્રામ્ય વિસ્તારમાં શ્રમજીવી પરિવારની ધો.૮ માં અભ્યાસ કરતી બાળાને તેની માતાએ પશુઓ માટે ચીકુડી(ઘાસ) લેવા મોકલતા ખેતરમાં ઘાસ કાપતી બાળાની એકલતાનો લાભ લઈ ખેતરમાં ગામનો જ નરાધમ સગીર પહોંચી બાળકીને પાછળ થી પકડી લઈ નજીક ઘઉંના ખેતરમાં ખેંચી લઈ જઈ નીચે પાડી દઈ દુષ્કર્મનો પ્રયાસ કરતા બાળાએ હિંમતભેર નરાધમ સગીરનો પ્રતિકાર કરી છટકી નાસી જઈ થોડે દૂરથી પસાર થતા ગામના વ્યક્તિ પાસે પહોંચી જતા દુષ્કર્મનો ભોગ બનતા બચી ગઈ હતી બાળાએ ઘરે જઈ પરિવારજનોને સમગ્ર ઘટના અંગે જાણ કરતા સમસમી ઉઠ્યા હતા.

પોલીટેકનીકના પ્રાધ્યાપકો સાતમું પગારપંચ ઝંખે છે

હિંમતનગર, તા. ૨૬

ગુજરાતની વિવિધ સરકારી પોલીટેકનીક કોલેજોમાં ફરજ બજાવતા પ્રાધ્યાપકોને કેન્દ્ર સરકારે જાહેર કરેલ સાતમા પગાર પંચના છેલ્લા ચાર વર્ષથી લાભ અપાતો નથી. જે અંગે આ પ્રાધ્યાપકો અનેક વખત સંલગ્ન વિભાગોમાં રજુઆતો કરવા છતાં તેમને કોઈ ન્યાય મળ્યો નથી. જેથી સરકારની આ બેધારી નિતીના વિરોધમાં સોમવારથી એક સપ્તાહ સુધી કાળીપટ્ટી ધારણ કરીને ફરજ બજાવવાનો નિર્ણય કર્યો છે. તે અંતર્ગત સાબરકાંઠાના અંદાજે ૭૦ થી વધુ પ્રાધ્યાપકોએ આંદોલનમાં જોડાઈને પોતાની માંગણીઓ દોહરાવી છે.

આ અંગે હિંમતનગર સ્થિત પોલીટેકનીક કોલેજના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ચાર વર્ષ અગાઉ સાતમા પગાર પંચની જાહેરાત કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવાનું શરૂ કરી દીધું હતુ. પરંતુ અગમ્ય કારણોસર પોલીટેકનીક કોલેજોમાં ફરજ બજાવતા પ્રાધ્યાપકોને અગમ્યો કારણોસર તેમાંથી બાકાત રાખ્યા છે. જેના લીધે પોલીટેકનીક કોલેજોના સમગ્ર ગુજરાતમાં મળી અંદાજે ૧૩ હજારથી વધુ કર્મચારીઓ સાતમા પગારપંચથી વંચિત છે.

હિંમતનગરના ઉમિયા મંદિરમાં ૧૨.૩૯ કલાકે માતાજી બિરાજમાન થયા

૫૧ ફૂટ ઉંચી ધજા ફરરર સાથે ઘુમ્મટના ટોચે ફરકાવાઈ : એક વર્ષ બાદ યોજાનાર માતાજીના પાટોત્સવ માટે દાતાઓએ દાનની ઝોળી ભરી દીધી : સુચારૂ સંચાલન માટે સ્વયંસેવકોને વોકીટોકી સેટ અપાયા

હિંમતનગરના આંગણે દેશમાં ગણાતા ૨૩૪મા ઉમિયા મંદિરના નિર્માણ માટે ચાર વર્ષે બે માસ બાદ મંદિરનો તા. ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેના અંતિમ દિવસે એટલે કે બુધવારે બપોરે ૧૨.૩૯મા ઉમિયાને નવનિર્મીત મંદિરમાં મુખ્ય ગાંદી પર જયઘોશ સાથે બિરાજમાન કરાયા હતા. જેના લીધે ઉમાભક્તોએ મંદિર પરીસરને જય ઉમિયાના ઘોષ સાથે ગુંજતુ કરી દીધુ હતુ. તે જ સમયે મંદિરના ઘુમ્મટ ઉપર ૫૧ ફુટ ઉંચી ધજાને મંત્રોચ્ચાર સાથે રોપવામાં આવી હતી. અને આ ધજા ફરરરના અવાજ સાથે પવનની દિશામાં લહેરી હતી. મહોત્સવના અંતિમ દિવસે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૪ સમાજના અંદાજે ૬૦ હજારથી વધુ લોકોએ પ્રસાદરૂપે ભોજન લીધુ હતુ.

હિંમતનગરની ઉમિયાવાડી ખાતે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ૨૩૪માં ઉમિયા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠઆમાં ઉંઝા ઉમિયા સંસ્થાનના પ્રમુખ મણીભાઈ મમ્મી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અગ્રણીઓ, સાબરકાંઠાના કલેક્ટર સી.જે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તથા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૩૩ હજાર પાટીદાર પરીવારો સહિત અન્ય સમાજની ધર્મપ્રેમી જનતાએ પૂર્ણાહુતિના દિવસે સવારથી જ દર્શન માટે ધસારો શરૂ કરી દીધો હતો. જોકે ઉમિયાવાડી પરીસરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ચાલી રહેલા યજ્ઞનના હોમમાં અપાતી પંચદ્રવ્યોની આહુતીને લીધે વાતાવરણ સ્વચ્છ અને જંતુરહિત બની ગયું હતું.

જુઓ તો ખરા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મા ઉમિયાના દર્શનથી ધન્ય થયેલા માઈભક્તોએ અત્યાર સુધી સોના-ચાંદીના દાગીના, અન્ય આભુષણો તથા માતાજીના વસ્ત્રો તરીકે મોંઘી સાડીઓ પણ ભેટમાં આપી હતી. બપોરે ૧૨.૩૯ કલાકે ભુદેવોએ મંત્રોચ્ચાર સાથે મા ઉમિયાને મંદિરની વચ્ચોવચ આવેલ ગાદી પર મૂર્તિ સ્વરૂપે બિરાજમાન કરતા ભક્તોએ જય મા ઉમિયાના નાદ સાથે જાણે કે સાક્ષાત ઉમિયાના

દર્શન કર્યા હોય તેવી અનુભૂતિ સાથે જયઘોષ શરૂ કરી દીધા હતા. પ્રતિષ્ઠાની પૂર્ણાહુતિના દિવસે માજાજીને સોળ શણગારથી સજાવવામાં આવ્યા હતા. અંદાજે રૂ. ૫ કરોડથી વધુના ખર્ચે ચાર વર્ષ અને બે માસની જહેમત બાદ તૈયાર થયેલ હિંમતનગરનું આ ઉમિયા માતાજીના મંદિરે વિશ્વમાં ૨૩૪માં મંદિર તરીકે ઓળખ ઉભી કરવાનો શ્રેય પ્રાપ્ત કર્યો છે.

કાંકરેજના કાકરના તળાવમાં યુવક ડુબ્યો

કાંકરેજ, તા. ૨૬

કાંકરેજના કાકર ગામે તળાવના પાણીમાં એક યુવક ડુબ્યો હતો. કાકર ગામનો એક ૨૫ વર્ષીય

યુવક ગામના ગુંદરે આવેલ તળાવમાં નાહવા ગયો હતો ત્યારે અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં શોધખોળ હાથ ધરવામાં આવી. પાણીમાં ડૂબવા લાગ્યો હતો ત્યારે આજુબાજુમાં કોઈ ન હોવાથી મોતને ભેટ્યો સ્થાનિક તરવૈયા દ્વારા દિનેશ જયચંદ રાવળ ઉમર લગભગ ૨૫ વર્ષ મૂળ કાંકરેજ તાલુકાના કાકરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ગામ લોકોએ તાત્કાલિક અસરથી કાંકરેજ મામલતદાર કચેરીમાં જયારે કાકર ગામના સરપંચ ચેનાજી ઠાકોરે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી ત્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી. આ લખાય ત્યાં સુધી યુવકનો મૃતદેહ મળ્યો ન હતો.

બોલુન્દ્રા ગામની સગીરાની એકલતાનો લાભ ઉઠાવી આબરૂ લુંટવાનો યુવકનો પ્રયાસ નિષ્ફળ

ભિલોડા,તા.૨૬

ભિલોડા તાલુકાના મઠ-બોલુન્દ્રા ગામની સગીરાની એકલતાનો લાભ ઉઠાવી આબરૂ લુંટવાનો યુવકનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.સગીરાના પિતાએ પોલીસ સ્ટેશનમાં યુવક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસએ પોક્સો ઍક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મુનાઈ ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાં ધોરણ.૧૦ - ૧૨ ના વિદ્યાર્થીઓને

ભિલોડા તાલુકાના મુનાઈ ગામની શેઠ શ્રી ડી.એમ.બી.પી. હાઈસ્કુલમાં ધોરણ.૧૦ - ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સન્માન સમારંભ યોજાયો હતો.

મોડાસા બુકસેલર્સ એન્ડ સ્ટેશનર્સ એસો. દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૨૬

અરવલ્લી-સાબરકાંઠા અને મોડાસા બુકસેલર્સ એન્ડ સ્ટેશનર્સ એસોસીએશના પ્રમુખ તારક પટેલ અને એસોસિએશનના સદસ્યોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે સરકારશ્રીના પરિપત્ર નં. પપપમ/વ.વી./ચ મુજબ શાળાઓને તથા વિદ્યાર્થીઓને સીધુ જ ૧૨.૫ ટકા કમીશન આપવાના હોય સમગ્ર ગુજરાતના વેપારીઓ બેરોજગાર બની જશે. સરકારે ધોરણ-૩ થી ૧૨ સુધીના પાઠયપુસ્તક ક્યુઆર કોડ્સવાળા જ પુસ્તકો ચલાવાશે તો જુના પુસ્તકો લાખો રૂપિયાના વેપારીઓ પાસે પડ્યા છે તેની નુકશાનીને શું ..? ઉપરોક્ત પરિપત્ર અને ઠરાવ અનુસંધાને સમગ્ર ગુજરાતના વેપારીઓનો વિરોધ નોંધાવી ન્યાયની માંગ કરી હતી અને બુકસેલર્સ વેપારીઓએ સૂચન પણ કર્યા હતા જેમાં શાળા તથા વિદ્યાર્થીઓને વેપારી દ્વારા જ પુસ્તકોનું વિતરણ થાય. ધોરણ-૩ થી ૧૨ ક્યુઆર કોડવાળા જ પુસ્તકો ચલાવવાના જ હોય તો અમારા જુના પુરતકો પરત લેવા અથવા ક્યુઆર કોડવાળા પુસ્તકોનો અમલ આગામી વર્ષથી કરવાની માંગ કરી હતી છે. જયારે પણ પુસ્તકો બદલવાના હોય તો એક વર્ષ અગાઉ વેપારીઓને જાણ કરવી. તો વેપારીને નુકશાની વેઠવી ન પડે. મંડળ દ્વારા પ્રકાશિત પુસ્તકોમાં ભૂલો કે ફરમા ફેર હોય તો તે બદલી આપવા માંગ કરી હતી. સ્ટેનરીઓના વેપારીઓના ધંધા ખૂબ જ નાના હોય છે કેમ ! કે અત્યારે ચોપડાઓ ટ્રસ્ટીમંડળ, સામાજિક સંસ્થાઓ તથા અલગ-અલગ જ્ઞાતિ વાઈઝ સમાને વિના મૂલ્ય આપતા હોય છે. તો સ્ટેશનરીના વેપારીઓનું વેચાણ ખૂબ જ નાનું થઈ ગયું છે અને એમાં પણ સરકારના આવા પરિપત્રોથી સમગ્ર ગુજરાતના વેપારી બેરોજગાર બનાવની ભીતિ સેવતા ઘટતું કરવા માંગ કરી હતી.

ધાનેરામાં નિશુલ્ક આયુર્વેદિક આયુષ મેગા કેમ્પ યોજાયો

ધાનેરામાં શાહ રામચંદ સ્વરાજ જનરલ હોસ્પિટલ ખાતે તારીખ ૨૬ -૨-૨૦૨૦ ના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી આયુષ મેગા કેમ્પ નું આયોજન કરાયું આરોગ્ય તથા પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત બનાસકાંઠા ના માર્ગદર્શન હેઠળ નિઃ શુલ્ક હોમિયોપેથીક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરેલ છે આ મેગા કેમ્પમાં આયુર્વેદિક તથા હોમીયોપેથી ના નિષ્ણાત સરકારી તબીબો દ્વારા નિદાન તથા સ્થળ ઉપર નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી આ કેમ્પમાં ફરજ આપનાર શ્રી વૈદ કુલદીપ જાદવ ડોક્ટર મનોજભાઈ પી.જાની વૈદ અજય વી.સાંખલા ડોક્ટર અંજુમબેન નાગોરી એ આવનાર દર્દીઓને તપાસી દવા આપી હતી આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પમાં લાઈસન્સ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ જળ બચાવોનો સંકલ્પ લીધો

સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા આયોજિત કેમ્પમાં ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રાપ્ત કરનાર ૭૩૦ વિદ્યાર્થીઓ ચાલુ શાલે ઉનાળાની ઋતુમાં જિલ્લાભરમાં જલ બચાવો અભિયાન ચલાવશે.

આજ રોજ તા ૨૬/૦૨/૨૦૨૦ ના રોજ આર.ટી.ઓ કચેરી પાલનપુર મુકામે સદભાવના ગ્રુપ ટ્રસ્ટ અને આરટીઓ કચેરી દ્વારા ગુજરાતમાં યોજવામાં આવતા સૌ પ્રથમ ખાસ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પ અંતર્ગત લાઈસન્સ પ્રાપ્ત કરનાર ૭૨૦ વિદ્યાર્થીના ડ્રાઈવિંગ લાઈસન્સ વિતરણ કરવામાં આવ્યા હતા.આ કેમ્પોની વિશેષતા એ છે કે, સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ ના સમય દરમિયાન વિદ્યાર્થીઓ માટે ખાસ આરટીઓ કચેરી કાર્યરત રહે છે અને આરટીઓ કચેરી વચ્ચે નું સન્કલન સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા કરવામ આવે છે.તેમજ પરીક્ષા માટે વાંચવાનું મટેરિયલ પણ ફ્રીમાં આપવામાં આવે છે.

આજ રોજ આ ડ્રાઈવિંગ લાઈસન્સ વિતરણ કાર્યક્રમની સાથે સાથે આ દરેક ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રાપ્ત કરનાર યુવાનો બનાસકાંઠા જીલ્લામાં આગામી સમયમાં જળ બચાવો અભિયાન માટે લોક જાગૃતિનું પણ કામ કરશે જેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.અને દરેક વિદ્યાર્થીઓ એ જાતે પોતાના ઘરે પાણીનો બગાડ ના થાય એ માટે જીલ્લા કલેકટર શ્રી ની ઉપસ્થિતિમાં સપથ ગ્રહણ કર્યા હતા.અને બેનર પર સિગ્નેચર અભિયાનમાં સહી કરી પોતાની સમ્મતી દર્શાવી હતી.

આજ રોજ આ સુંદર મજાના કાર્યક્રમમાં જીલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જીલ્લા વિકાસ અધિકારી શ્રી અજય દહિયા, ઉત્તર-ગુજરાત યુનીવર્સીટી ના એક્સ્યુકિટીવ કાઉન્સિલ અને સદભાવના ગ્રુપના ચેરમેન શ્રી હરેશ ચૌધરી,પ્રાંત ઓફિસર પાલનપુર શ્રી શિવરાજ ગીલવા જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી અમૃતભાઈ દવે, આરટીઓ બનાસકાંઠા શ્રી ડી.એસ પટેલ જાણીતા તબીબ શ્રી સુરેન્દ્ર ગુપ્તા,વિદ્યામંદિર કેમ્પસ ડાયરેક્ટર શ્રી હસમુખ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

લોરવાડામાં તાલુકાકક્ષાનું આશા ફેસિલેટર સંમેલન

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં બાળ અને માતા મરણ અટકાવવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ અવારનવાર અવનવા કાર્યક્રમો આયોજીત કરે છે. ત્યારે ડીસા તાલુકાના લોરવાડા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકાકક્ષાનું આશા ફેસીલીટેટર સંમેલન યોજાયુ હતું. આ સંમેલન ડીસાના ધારાસભ્ય શશિકાન્ત પંડ્યાના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યુ હતું. પ્રારંભે ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશ હરિયાણીએ પ્રાસંગિક પ્રવચનમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી બાળ અને માતા મૃત્યુ દર ઘટાડવા અનુરોધ કર્યો હતો. લોરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ આશા ફેસીલીટેટર સંમેલનમાં મોટી સંખ્યામાં આશા બહેનો હાજર રહી હતી.

ધનસુરામાં બે જુદા-જુદા અકસ્માતમાં બે મોત

બીલવણીયા નજીક ઇકો કાર પલ્ટી ૮ વર્ષીય બાળકનું મોત, રમોસ નજીક ટ્રેક્ટરે બાઈક ચાલકને કચડ્યો

ધનસુરા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ ૧૨ કલાકમાં ત્રણ અકસ્માતમાં ૮ લોકોના અકસ્માતમાં મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. માલપુર નજીક ટ્રકે ટ્રેક્ટરને પાછળથી ટક્કર મારતા મામેરું લઈ જતા ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠેલા ૬ લોકોના મોત નીપજ્યાની શાહી સુકાઈ નથી ત્યાં ધનસુરાના બીલવણીયા નજીક ઈકો કાર પલ્ટી જતા કારમાં સવાર ૮ વર્ષીય બાળકના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું અન્ય એક અકસ્માતમાં રમોસ-સરતાનપુરા રોડ પર ટ્રેક્ટરે બાઈક ચાલકને કચડાતા મોત નિપજતા ધનસુરા પોલીસે બંને મૃતકોની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ

ધનસુરા બીલવણીયા કંપા નજીકથી પસાર થતી ઈકો કારના ચાલકે ગફલતભરી રીતે પુરઝડપે હંકારતા પલ્ટી જતા કારમાં સવાર અને અભ્યાસ અર્થે જઈ રહેલ શરડી ગામનો હિમેશ કાંતિભાઈ ભરવાડ (ઉં.વર્ષ-૮) નામના બાળકને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નિપજતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મૂક્યું હતું. બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવતા ભારે રોકેકળ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક બાળકના મૃતદેહને પીએમ માટે ખસેડી વિરમ ભાઈ રણછોડભાઈ ભરવાડની ફરિયાદના આધારે ઈકો કારચાલક કમલેશ કોદરભાઈ પગી વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરાના રમોસ-સરતાનપુર રોડ પર વધુ એક અકસ્માતની ઘટના બની હતી જેમાં સ્વરાજ ટ્રેક્ટરના ચાલકે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક બલવંતસિંહ કેશરીસિંહ પરમારનું મોત નિપજતા ધનસુરા પોલીસે અર્જુનસિંહ માનસિંહ પરમાર (જુના વડવાસા)ની ફરિયાદના આધારે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.